

## રેતીખનન: જૂના તવરામાં 1 કરોડનો મુદ્દામાલ જપ્ત, બે એક્સેવેટર સીઝ

**પીડિત** ખેડૂતોની નારાજગીથી ખનીજ વિભાગ અચાનક એક્શનમાં

ભરૂચ: જૂના તવરા ગામે પીડિત ખેડૂતોએ તંત્ર સામે નારાજગી વ્યક્ત કરતાં અને ડમ્પરો અટકાવતાં તંત્ર સફાળું જાગી એક્શનમાં આવી છે. ભરૂચ જિલ્લામાં ગેરકાયદે રેતીખનન સામેની કાર્યવાહી હાથ ધરતાં રેત માફિયામાં ફફડાટ ફેલાઈ ગયો છે. ભરૂચના જૂના તવરા ગામે નર્મદા નદીના પટમાં બિનઅધિકૃત રીતે સાદી રેતી ખોદવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. ખનીજ વિભાગની ટીમે શનિવારે ગ્રામજનોની મૌખિક ફરિયાદના આધારે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન વિભાગીય અધિકારીઓએ બે એક્સેવેટર મશીન-એક ટાટા હિટાચી અને એક હ્યુન્ડાઇ-ગેરકાયદે ખનન કરતાં ઝડપી લીધા હતા.

કુલ અંદાજે રૂ.1 કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ મશીનો તવરા ગામના સરપંચની કસ્ટડીમાં સોંપી દેવાયા છે.

ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજ કચેરીએ આ મામલે ખનીજ ચોરી કરનારાઓ વિરુદ્ધ નિયમસરની દંડકીય કાર્યવાહી હાથ ધરી છે.

# લવાછામાં જુગારધામ ઝડપાયું: ૬૦ લાખના મુદ્દામાલ સાથે ૧૪ પકડાયા

**ઓલપાડ** પોલીસને અંધારામાં રાખી સ્ટેટ વિજિલન્સ ત્રાટકી: ૫ લક્ઝરી કાર અને ૧૩ બાઈક કબજે

**સુરત** સિટીના જુગારીઓની ધરપકડ, પોલીસને ચકમો આપી ૧૮ શખ્સ નાસી છૂટ્યા



સાયણ: ઓલપાડના લવાછા ટેકરી પાસે મીઠા અગરની ખુલ્લી જગ્યામાં ચાલતા હાઈ પ્રોફાઈલ જુગારધામ પર સ્ટેટ વિજિલન્સની ટીમે ત્રાટકી મોટી સફળતા મેળવી છે. સ્ટેટ વિજિલન્સે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે રેઈડ કરતાં જુગારીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. પોલીસે ઘટના સ્થળેથી સુરતના અમરોલી, યોગી ચોક, અડાજણ અને પાલનપોર સહિતના વિસ્તારોના કુલ ૧૪ જુગારીને ઝડપી પાડ્યા હતા, જ્યારે અન્ય ૧૮ શખ્સ પોલીસને ચકમો આપી પોતાનાં વાહનો અને મોબાઈલ ફોન મૂકી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે આ કાર્યવાહીમાં કુલ રૂ.૬૦,૫૦,૭૨૦નો મુદ્દામાલ કબજે કર્યો છે, જેમાં રૂ.૪.૬૦ લાખની રોકડ, ૫ લક્ઝરી કાર (કિંમત રૂ. ૫૦ લાખ), ૧૩ મોટરસાઈકલ (કિં.રૂ.૪.૧૦ લાખ) અને ૧૯ મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે.

ઝડપાયેલા ૧૪ આરોપીમાં અજય મારુ (રહે.,૮૩૨,કૃષ્ણનગર સોસાયટી, અમરોલી), જિજ્ઞેશ પામાણી (રહે.,૨૧૧, પ્રમુખછાંયા રો-હાઉસ, યોગી ચોક, સુરત), રૂપચંદ મુલાની (રહે., ફ્લેટ નં-એ/૬૦૨, સ્તુતિ એમ્પાયર, પાલનપોર ગામ, અડાજણ), રાજેશ પટેલ (રહે., નરસંગ ફળિયું, લવાછા), વિપુલ તડવી (રહે.,૨૭, ભુવનેશ્વરી લોકશ કોલોની, ભેંસાણ-ઉગત રોડ, સુરત), દીપેશ ડોડિયા (રહે.,૪૭, ગજાનંદ પાર્ક, કોઝ વે રોડ, સુરત), કેયુર આહીર (રહે.,પ્લોટ નં.૧, તાપી એવન્યુ, કોઝ વે રોડ પાસે, સુરત), મોહંમદ આરીફ અબ્દુલ રહેમાન શેખ (રહે.,૭/૧૭૮૪, રાહત મહોલ્લો, હોડી બંગલા પમ્પિંગ સ્ટેશન, સુરત), ભરત પટેલ (રહે.,૧૩, મિલન ટાઉનશિપ, જહાંગીરપુરા), રાજેનકુમાર પટેલ (રહે.,બિલ્ડિંગ નં.એ/૫, રૂમ નં.૪, એસ.એમ.સી. ક્વાટર્સ, શ્રીજી નગરી સોસાયટી પાછળ, ઉગત), વિશાલ કોહડ (રહે., ૮૯, કલ્પનાનગર સોસાયટી, ગોડાદરા), ગોપાલકૃષ્ણ ગણેશભાઈ ગુપ્તા (રહે., બિલ્ડિંગ નં. મીંઢોળા ડી.ફ્લેટ નં.૪૦૩, વીર સાવરકર હાઈટ્સ, ઉગત-ભેંસાણ રોડ, સુરત સિટી), ભજરામ ઉદયનાથ ભૂયા (રહે., ૧/૧૨૬, તળાવ ફળિયું, સિંગણપોર) અને રાજેશ રામા(રહે., ૩/૩૪૨૮, સિદ્ધાર્થ સોસાયટી, નવસારી બજાર, સુરત સિટી)નો સમાવેશ થાય છે. જ્યારે દીપક કાનજી પટેલ (રહે.,મોટું ફળિયું, લવાછા, દેવરાજ ઉર્ફે દેવો (રહે.,અમરોલી), નિખિલ પટેલ (રહે.,ભેંસાણ રોડ જહાંગીરાબાદ), કલ્પેશ વાણીયા (રહે., ભગવાનનગર, વેડ રોડ) સહિત અન્ય કારના ચાલક મળી 18ને વોન્ટેડ જાહેર કરાયા હતા.

## ભરૂચના રૂંધા ગામમાં વિદેશી દારૂ ઝડપાયો

ભરૂચ: ભરૂચ LCB ટીમને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી કે, રૂંધા ગામના બસ સ્ટેન્ડ પાસે કરણ દિનેશભાઈ વસાવા નામનો યુવક તેના ગલ્લામાં ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂ સંતાડી વેચાણ કરે છે. બાતમીના આધારે રેઈડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ગલ્લામાંથી મળી આવેલી મીણીયાની થેલીમાંથી અલગ-અલગ કંપનીની 16 બોટલ ગેરકાયદે વિદેશી દારૂ કિં.રૂ.2972 મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી કરણે પૂછપરછમાં જણાવ્યું કે, આ દારૂ જામણીયા (તા.વાલિયા) માં રહેતા 'ગગો' નામના વ્યક્તિએ તેને આપ્યો હતો. ગગો ખુદ કથિત રીતે દારૂનો ધંધો કરે છે. જે બાબતે વાલિયા પોલીસે ઝડપાયેલા અને વોન્ટેડ ગગો સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

## સગાઈની વિધિ પતાવી પરત ફરતા મોસાળીના બે યુવાનને અકસ્માત

**કુંવારદા** ગામે સંબંધીના પ્રસંગમાંથી પરત ફરતી વેળા કોસંબા ફાટક પાસે અકસ્માત નડ્યો

હથોડા: હથોડાના કુંવારદા ગામે સગાઈની રસમમાં હાજરી આપીને પરત મોસાલી જઈ રહેલા બે યુવાનોની મોટરસાઈકલને કોસંબા ફાટક નજીક અકસ્માત નડ્યો હતો.

ઘટનાની વિગત મુજબ મોસાલી ખાતે રહેતા રોનકભાઈ રાઠોડ અને અંકિતભાઈ વસાવા રવિવારે સવારે ૧૧ વાગ્યે કુંવારદા ગામે સંબંધીના પ્રસંગમાં આવ્યા હતા.

સાંજે ચાર વાગ્યાના સુમારે તેઓ પોતાની બાઈક નં.(GJ-19-AC-3896) પર પરત ફરી રહ્યા હતા, ત્યારે કોસંબા ફાટક પાસેના વણાક પર તેમની બાઈક અને પિકઅપ વાન નં.(GJ-19-X-4099) વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ ટક્કરમાં બાઈકને મોટું નુકસાન થયું હતું અને બંને યુવાનોને શરીરે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત રોનકભાઈ અને અંકિતભાઈને તાત્કાલિક સારવાર માટે કોસંબાની ખાનગી આરફ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત અંગે હજુ સુધી પોલીસ ચોપડે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી.



## સોનગઢમાં ઘરઆંગણે બાંધેલા કૂતરાને દીપડાએ ફાડી ખાધો

**દીપડો** ઘરના ઓટલા સુધી આવી જતાં રહીશોમાં ભયનો માહોલ



સોનગઢ: સોનગઢ કિલ્લાને અડીને આવેલા રહેણાક વિસ્તારોમાં વન્ય પ્રાણીઓના પ્રવેશની ઘટનાઓ સતત વધી રહી છે. જેના પગલે સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ગત રાત્રે સોનગઢ નગરના પીપળ ફળિયા વિસ્તારમાં એક દીપડો શિકારની શોધમાં રહેણાક વિસ્તારમાં ઘૂસી આવ્યો હતો. આ દીપડાએ એક ઘરના ઓટલા પર સાંકળથી બાંધેલા પાલતુ કૂતરા પર ઓચિંતો હુમલો કરી તેનું મારણ કર્યું હતું. જે ઘટના નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. કિલ્લાની નજીકનો આ વિસ્તાર હોવાથી અવારનવાર દીપડા જેવા હિંસક પ્રાણીઓ ખોરાકની શોધમાં નગરમાં આવી ચઢતા હોય છે. રહેણાક વિસ્તારમાં છેક ઘરના ઓટલા સુધી દીપડો આવી જતાં રહીશોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે વન્ય પ્રાણીઓના આતંકને કારણે રાત્રિના સમયે બહાર નીકળવું પણ જોખમી બન્યું છે. પીપળ ફળિયાના રહીશોએ વન વિભાગ સમક્ષ તાત્કાલિક પાંજરું ગોઠવી દીપડાને પાંજરે પૂરવાની ઉગ્ર માંગ કરી છે.

## હાંસોટના રોહિદમાં ઘાસ ભરેલા ટેમ્પોમાં આગ ભભૂકી

ભરૂચ: હાંસોટ તાલુકાના રોહિદ ગામ નજીક સૂકું ઘાસ ભરેલા ટેમ્પોમાં આગ ફાટી નીકળી છે. આ બનાવ રોહિદ અને કલમ ગામ વચ્ચે નહેરની નજીક બનતાં વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત પ્રાથમિક માહિતી મુજબ ખેતરમાંથી સૂકું ઘાસ ભરીને પરત ફરી રહેલો ટેમ્પો રસ્તા પાસે આવેલા વીજ પોલ અને જીવંત વીજ તારને અથડાતાં સ્પાર્કિંગ થયું હતું. તારના સંપર્કમાં આવતાં જ ઘાસે તાત્કાલિક આગ પકડી લીધી હતી.

થોડી જ વારમાં આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરી ગઈ હતી. આ ઘટનામાં ટેમ્પો ચાલક દાઝી ગયો છે, જેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.



ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો મોકા પર દોડી આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો શરૂ કરી દીધા હતા. ટેમ્પોમાં મોટા પ્રમાણમાં સૂકું ઘાસ ભરાયેલું હોવાથી આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી. જો કે, ટેમ્પોને ભારે નુકસાન પહોંચ્યું હોવાનું જણાયું છે. વીજ તારની સાવચેતી રાખવા અંગે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા ફરી પાઠ આપતી આ ઘટનાએ વિસ્તારમાં ચર્ચાનો વિષય બની છે.

## ટીચકિયામાં લોકોએ શંકાસ્પદ ટેમ્પોને રોકતાં પાંચ ગૌવંશ મળી આવ્યાં

**પશુઓને** મહારાષ્ટ્રના વિસરવાડી ખાતે કતલખાને લઈ જવાતાં હતાં

**5 ગૌવંશ,** ટેમ્પો, બાઇક મળી 5.70 લાખનો મુદ્દામાલ કબજે

સોનગઢ: સોનગઢ પોલીસ સ્ટેશન હેઠળ આવતા ટીચકિયા ગામની સીમમાં ગૌવંશની ગેરકાયદે હેરાફેરીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રવિવાર ૧૦ મે-૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૦:૧૫ વાગ્યે ટીચકિયા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે ઊભેલા ગ્રામજનોએ શંકાસ્પદ જણાતા એક બોલેરો પિકઅપ ટેમ્પોને રોકતાં આ સમગ્ર મામલો સામે આવ્યો હતો.

ફરિયાદી ભગુભાઈ જાનીયાભાઈ ગામીતે નોંધાવેલી વિગતો મુજબ બાલપુર તરફથી આવતા બોલેરો પિકઅપ ટેમ્પો નં.(MH-49-AD-1549)માં તપાસ કરતાં તેમાંથી ૪ ગાય અને ૧ બળદ મળી આવ્યા હતા. આ પશુઓને ઘાસચારા કે પાણીની કોઈ વ્યવસ્થા વગર, અત્યંત ટૂંકી દોરીઓ વડે પગ અને શરીર પર બાંધીને અતિક્રૂરતાપૂર્વક ખીચોખીચ ભરેલા હતા. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ પશુઓને મહારાષ્ટ્રના વિસરવાડી ખાતે કતલખાને લઈ જવાના ઈરાદે રાજ્ય બહાર મોકલવામાં આવી રહ્યાં હતાં. આ ગુનામાં પોલીસે ટેમ્પો ચાલક અજીતભાઈ શંકરભાઈ ગાવીત, રીબીકાબેન સમુવેલભાઈ ગાવીત અને સમુવેલભાઈ અર્જુનભાઈ ગાવીત (તમામ રહે.,નવાપુર, મહારાષ્ટ્ર) તથા પશુ વેચનાર મહેશભાઈ ભંગીયાભાઈ ગામીત (રહે.,બાલપુર, વ્યારા) વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. આરોપીઓ પાસે પશુઓના પરિવહન માટેના કોઈ સક્ષમ અધિકારીના પાસ-પરમિટ કે મેડિકલ સર્ટિફિકેટ મળી આવ્યાં ન હતાં.

પોલીસે ઘટના સ્થળેથી રૂ. ૫૦,૦૦૦ની કિંમતના ૫ ગૌવંશ, રૂ. ૫,૦૦,૦૦૦ની કિંમતનો ટેમ્પો અને રૂ.૨૦,૦૦૦ની મોટરસાઈકલ મળી કુલ રૂ.૫,૭૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. બચાવવામાં આવેલાં પશુઓને તાત્કાલિક શ્રીજી ગોપાલ ગૌશાળા ખાતે પોલીસ નિગરાની હેઠળ ખસેડવામાં આવ્યાં છે. આ મામલે સોનગઢ પોલીસે પશુ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ અને ગુજરાત પશુ સંરક્ષણ કાયદા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## લૂંટના ગુનામાં વોન્ટેડ આરોપી ઈમરાન ઝડપાયો

પલસાણા: સુરત ગ્રામ્ય જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે તા.૭થી ૧૫મે દરમિયાન યોજાયેલી ખાસ ડ્રાઈવ અંતર્ગત LCB ટીમે મોટી સફળતા મેળવી છે. બાતમીના આધારે પોલીસે કામરેજના આંબોલી વિસ્તારમાં વોચ ગોઠવી લૂંટના ગુનામાં વોન્ટેડ આરોપી ૪૨ વર્ષીય ઈમરાન યુનુસ વોરા (રહે.,ગ્રીન પાર્ક રેસિડેન્સી, કઠોર)ને ઝડપી પાડ્યો હતો. પકડાયેલો આરોપી છેલ્લા કેટલાક સમયથી કામરેજ પોલીસ સ્ટેશનના લૂંટના ગુનામાં ફરાર હતો. પોલીસે તેની અટકાયત કરી કામરેજ પોલીસને સોંપવાની તજવીજ કરી છે.

## બારડોલીમાં અજાણ્યા આધેડનો મૃતદેહ મળી આવ્યો

બારડોલી: બારડોલીથી નાંડિદા ગામ તરફ જતા રોડ પર સ્થિત અલ્પલાઇન સેલીટોન પાસેના મહાવીર કોમ્પ્લેક્સના ઓટલા પર એક ૫૫થી ૬૦ વર્ષના આધેડ વ્યક્તિ મૃત હાલતમાં મળી આવ્યા હતા. સ્થાનિક વેપારી મહેન્દ્રભાઇ શંકરભાઇ જૈન દ્વારા આ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. પ્રાથમિક અનુમાન મુજબ આ વ્યક્તિનું મોત તા. ૦૮/૦૫/૨૦૨૬ ના સાંજે ૬ થી તા. ૦૯/૦૫/૨૦૨૬ ના બપોરે ૧૨:૩૦ વાગ્યા દરમિયાન કોઈ બીમારી અથવા અગમ્ય કારણોસર થયું હોવાનું જણાય છે.

## બારડોલીમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

પલસાણા: સુરત જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે બારડોલીના તલાવડી વિસ્તારમાં મિંઢોળા નદીના કિનારે ચાલતા જુગારધામ પર રાત્રે દરોડો પાડ્યો હતો. લાઈટના અજવાળામાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરતાં સ્થળ પરથી ૫ ઈસમો રંગેહાથ ઝડપાયા હતા, જ્યારે અન્ય ૮ શખ્સો ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી ૩૪,૧૯૦ની રોકડ, ૨૧,૦૦૦ના ૫ મોબાઈલ, બેટરી અને એલ.ઈ.ડી. લાઈટ સહિત કુલ ૫૬,૧૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા આરોપીઓમાં ગણેશ ભોય, જ્ઞાનેશ્વર મહાજન, કિશોર વાણી, કૈલેશ ઉર્ફે કોહલી વસાવા અને જતીન ભંડારીનો સમાવેશ થાય છે. પોલીસે ફરાર થયેલા જુબેર સૈયદ, અદનાન અંસારી, ફુર ખાન, યુનુસ, અદનાન કુરેશી, હરીશ ગામીત, રાહુલ ગામીત અને ટકલુ શેખને વોન્ટેડ જાહેર કરી બારડોલી ટાઉન પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખરચના દત્તાશ્રય આશ્રમે અખંડ દત્તબાવની પાઠ

અંકલેશ્વર, ભરૂચ: હાંસોટના ખરચના દત્તાશ્રય આશ્રમ દ્વારા યોજાયેલા અખંડ દત્તબાવની પાઠ અને 51 કુંડી હનુમાન મહાયજ્ઞે અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. આ ધાર્મિક આયોજનને એશિયા બુક ઓફ રેકોર્ડ્સ અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું છે. રાજ્યના જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે આશ્રમના સંચાલકોને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ૫૧ કુંડી હનુમાન મહાયજ્ઞમાં અંદાજે 500જેટલા યજમાનોએ ભાગ લીધો હતો.

## દ.ગુ.માં ખાંડ ઉદ્યોગની જાળવણી માટે સંશોધનમાં રોકાણની જરૂર

**મહારાષ્ટ્રની** વસંતદાદા શુગર ઇન્સ્ટિટ્યૂટ ટીમે તાજેતરમાં ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરી શેરડી સંશોધનમાં મહત્ત્વના પગલાં લીધાં હતાં

ભરૂચ: મહારાષ્ટ્રની વસંતદાદા શુગર ઈન્સ્ટિટ્યૂટ, પુણેના એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળે તાજેતરમાં ઓસ્ટ્રેલિયાનો અભ્યાસ પ્રવાસ હાથ ધરીને શેરડી સંશોધન અને ખાંડ ઉદ્યોગને અત્યાધુનિક બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલાં લીધાં છે. જો કે, આ પ્રવાસે ગુજરાતના સહકારી ધોરણે ચાલતા ખાંડ ઉદ્યોગ, ખાસ કરીને ભરૂચ જેવા જિલ્લાઓના શેરડી સભાસદો (ખેડૂતો)ના હિતોને લઈને એક મોટો સવાલ ઊભો કર્યો છે કે શું ગુજરાતના કૃષિ નિષ્ણાતો અને ઉદ્યોગના પ્રતિનિધિઓ ક્યારેય આવા અભ્યાસ પ્રવાસે જશે?

પ્રતિનિધિમંડળમાં નિયમનકારી બોર્ડના સભ્ય અને ભૂતપૂર્વ મંત્રી બાલાસાહેબ થોરાટ, રાજેશ ટોપે, પાક ઉત્પાદન અને સંરક્ષણ વિભાગના મુખ્ય વૈજ્ઞાનિક ડો.અશોક કડાલગ, શેરડી સંવર્ધન વિભાગના મુખ્ય વૈજ્ઞાનિક ડો.સુશીર કપિલ અને મોલેક્યુલર બાયોલોજી-જિનેટિક એન્જિનિયરિંગના વૈજ્ઞાનિક ડો.અશોક જગતાપનો સમાવેશ થતો હતો. આ પ્રતિનિધિમંડળે ઓસ્ટ્રેલિયામાં 'શુગર રિસર્ચ ઓસ્ટ્રેલિયા'ની અત્યાધુનિક 'આઈરિસ' લેબોરેટરી, ક્વીન્સલેન્ડ યુનિવર્સિટીની સ્પીડ બ્રીડિંગ સુવિધા, યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન સિડનીનું ઓસ્ટ્રેલિયન પ્લાન્ટ ફેનોમિક્સ નેટવર્ક સહિતની વિશ્વ કક્ષાની સંસ્થાઓની મુલાકાત લીધી. અહીં જીનોમિક્સ, રોગ નિદાન, ટીશ્યુ કલ્ચર, ડ્રોન, સેન્સર, AI, ડેટા એનાલિટિક્સ અને કૃત્રિમ પ્રકાશ નિયંત્રણ જેવી ટેક્નોલોજીથી શેરડીની ઉચ્ચ ઉપજ આપતી, રોગ-પ્રતિરોધક અને આબોહવા-સાનુકૂળ જાતો વિકસાવવાની પ્રક્રિયાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. નિષ્ણાતોના મતે, આ ટેક્નોલોજીઓ ખાંડ ઉદ્યોગમાં ક્રાંતિ લાવી શકે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઓલપાડમાં હળપતિ સમાજનો સમૂહ લગ્નોત્સવ



સાયણ: ઓલપાડ જીન કમ્પાઉન્ડ ખાતે સમર્થ કલ્યાણ સેવા ચેરિટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ અને ધારાસભ્ય મુકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ હળપતિ સમાજનો આઠમો ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉપસ્થિત રહી પ્રભુતામાં પગલા પાડતાં ૩૨ નવયુગલને આશીર્વાદ આપી મંગલ જીવનની શુભકામનાઓ પાઠવી હતી. સમર્થ કલ્યાણ સેવા ચેરિટેબલ દ્વારા અત્યાર સુધી ૪૭૧ દીકરીઓનાં લગ્ન કરાવાયાં છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીના હસ્તે જરૂરિયાતમંદોને મેડિકલ સહાયના ચેકોનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

### બારડોલીની વિદ્યાભારતી કોલેજના કેમ્પસમાંથી ૨૩ વર્ષીય યુવતી ગુમ થતાં ફરિયાદ

બારડોલી: મૂળ રાજસ્થાનના ભીલવાડાના વતની અને હાલ બારડોલીના ધામડોદ લુંભા ખાતે રહેતા શ્રીરામ દશરાથભાઇ વૈષ્ણવની ૨૩ વર્ષીય પુત્રી ઊર્મિલાબેન ગત તા.૬/૫/૨૦૨૬ના રોજ વિદ્યાભારતી કોલેજમાં પરીક્ષા આપવા માટે આવી હતી. સવારે ૧૦ વાગ્યે પિતા તેને કોલેજ મૂકી ગયા હતા, પરંતુ ૧૦:૪૫ વાગ્યાના અરસામાં તે કોલેજ કેમ્પસમાંથી કોઈને કંઈ પણ કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ હતી. પરિવારજનોએ શોધખોળ કરવા છતાં યુવતીની કોઈ ભાળ ન મળતાં આખરે પિતાએ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં જાહેરાત આપી હતી.

### વાંકલના ચૌધરી સમાજનું ગૌરવ



વાંકલ: વાંકલમાં રહેતા ધનસુખભાઇ ચૌધરી ઉમરપાડા ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ઇલાબેન નિકોલી ગામે શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. તેમની છોકરી ચૌધરી શ્વેતલકુમારી ધનસુખભાઇ ધો.10 એસ.એસ.સી. પરીક્ષામાં 97.17 ટકા અને 99.90 પર્સેન્ટાઇલ મેળવી શાનદાર પ્રદર્શન કરી ભાવદર્શન વિદ્યાલયમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને સંસ્કૃત વિષયમાં 100માંથી 100 ગુણ પ્રાપ્ત કરી ચૌધરી સમાજનું નામ રોશન કર્યું હતું.

### સાયણમાં ડાંગી યુવકનો આપઘાત

સાયણ: સાયણની નીલકંઠ આર્કેડમાં ભાડે રહેતા અને પેટ્રોલ પંપ પર કામ કરતા મૂળ સુબીરના ૧૯ વર્ષીય શ્રમિક યુવક સુમિત સુરજીભાઇ ભોયેએ ગત શનિવારે અગમ્ય કારણોસર પંખા સાથે વાયર બાંધી આપઘાત કરી લીધો હતો. રૂમમાં એકલતાનો લાભ લઈ યુવકે આ આત્મઘાતી પગલું ભર્યું હતું. ઓલપાડ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાત પાછળના રહસ્યને ઉકેલવા વધુ તપાસ હાથ ધરી છે.

### સાંધીએરના મજૂરની બાઇક ચોરાઈ

સાયણ: ઓલપાડના સાંધીએર ગામના શ્રમિક વિશાલ રાઠોડની બાઈક નં.(GJ-05-NU-7798) દેલાડ પાટિયા પાસેની ગોલ્ડન ઇન્ડસ્ટ્રિઝના પાર્કિંગમાંથી ચોરી થઈ છે. ગત શુક્રવારે બે અજાણ્યા શખ્સ ફિલ્મી ઢબે બાઈકને ધક્કો મારી લઈ ગયા હતા. સમગ્ર ઘટના પાર્કિંગના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેમાં તસ્કરો બાઈક ચોરી કરીને ફરાર થતાં સ્પષ્ટ દેખાય છે. સાંજે કામ પતાવીને બહાર આવેલા વિશાલે બાઈક ન મળતાં ફૂટેજ ચેક કર્યાં હતાં. આ મામલે ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતાં પોલીસે સીસીટીવીના આધારે તસ્કરોને પકડવા તપાસના ચક્રો ગતિમાન કર્યાં છે.

### ભરૂચમાં મોટરસાઇકલની ચોરી થતાં ફરિયાદ

ભરૂચ: શહેરના સિવિલ હોસ્પિટલ રોડ પર આવેલી પુનીતનગર સોસાયટીમાં તસ્કરોએ ત્રાટકી એક બાઇકની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. સોસાયટીમાં રહેતા અને જીટીપીએલમાં નોકરી કરતા દિવ્યેશભાઈ પટેલે પોતાની હોન્ડા સીબી યુનિકોન બાઇક નં.(GJ-16-BM-2416) ગત 8મી મેના રોજ ઘર પાસે પાર્ક કરી હતી. બીજા દિવસે સવારે જોતા બાઇક ગાયબ જણાતાં એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### તરસાડીમાં મહારાણા પ્રતાપની જન્મજયંતીની ઉજવણી



હથોડા: તરસાડી નગર ખાતે મહાન લડવૈયા એવા મેવાડ નરેશ મહારાણા પ્રતાપની જન્મ જયંતી નિમિત્તે રવિવારે પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં સુરત જિલ્લા પંચાયતની કોસંબા સીટ પર નવા ચુંટાયેલા જિલ્લા પંચાયતનાં સભ્ય સર્જનબેન વસાવા, શિરીષભાઈ ચૌધરીના હસ્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ તબક્કે ખેડૂત આગેવાન કેતનભાઇ ભટ્ટ અને આ પાર્ટીના કાર્યકરો કનુભાઈ ચૌધરી, ગુડ્ડુભાઈ કિર્તીભાઈ ચૌધરી વગેરે હાજર રહ્યા હતા.

### ભરૂચમાં 'પિંક રન' થકી કેન્સર જાગૃતિનો સંદેશ



ભરૂચ: મધર્સ ડેની ઉજવણીને આરોગ્ય જાગૃતિ સાથે જોડતી અનોખી પહેલ કરતાં 'મોમ્સ ઓફ ભરૂચ' દ્વારા શહેરમાં પ્રથમવાર 'પિંક રન'નું આયોજન કરવામાં આવ્યું હતું. માતરિયા તળાવ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. 'મોમ્સ ઓફ ભરૂચ'ના સ્થાપક સેજલ કાપડિયાના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સર અંગે જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆતમાં જયાબેન મોદી હોસ્પિટલના સિનિયર ડો. ભૂમિકા પંચાલે ઉપસ્થિત મહિલાઓને બ્રેસ્ટ કેન્સરના લક્ષણો, બચાવ અને સમયસર નિદાન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સાથોસાથ ડો.હર્ષિત દ્વારા એચ.પી.વી. (HPV) અંગે માર્ગદર્શન આપી મહિલાઓને સજાગ રહેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.


Milano MULTIPLEX
બારડોલી
Raja Shivaji 02:00pm, 05:30pm, 10:00pm
Bhooth Bangla- 11:00am
Dhabkaaro-Gujarati 12:00pm, 09:30pm
Krishnavataram Part 1 - The Heart 03:00pm, 06:00pm, 09:00pm
Daadi Ki Shaadi-10:00am
Mortal Kombat 2- 01:00pm, 07:00pm
Vaanki Chuki Love Story- 04:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333